**અમદાવાદનાં મહે. ઍડી.ચીફ મૅટ્રોપૉલીટન મૅજીસ્ટ્રેટ સાહેબની કૉર્ટ નં. ૯,**
**મુકામ : અમદાવાદ.**

**<u>ક્રિમિનલ કેસ નં. ૪૫૩૫૬/૨૦૧૭</u>**
**<u>વાડજ પો.સ્ટે. : ગુ.રજી.નં.પ્રોહિ. ૫૧૮૯/૨૦૧૭</u>**

**<u>આંક–</u>**

**ફરિયાદી** **શ્રી સ ર કા ર.**

**વિરૂધ્ધ**

**આરોપીઓ** **૧. રણજીત ઉર્ફે લાલો સૂરજમલ નટ તથા ૧.**
**રહે. નટ વાસ,**
**રામાપીરનો ટેકરો,**
**નવા વાડજ, અમદાવાદ શહેર.**

**ગુનો :–** **ધી પ્રોહિબિશન ઍક્ટની કલમ–૬૬(બી), ૬૫(ઈ) તથા ૮૧ મુજબ..**

## <u>–: ક મિ ટ લ હુ ક મ :–</u>

૧. સદર કામે આરોપીઓ સામે વાડજ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહિ.ગુ.રજી. નં. ૫૧૮૯/૨૦૧૭ થી પ્રથમ બાતમી અહેવાલ નોંધવામાં આવેલ. જે અન્વયે તપાસ કરનાર અમલદાર દ્વારા પ્રથમ બાતમી અહેવાલનાં આધારે તપાસ કરી, આરોપીઓ સામે પ્રોહિબિશન ઍક્ટની કલમ–૬૬(બી), ૬૫(ઈ) તથા ૮૧ મુજબનાં ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલ.

૨. સદર કામે આરોપીઓ હાજર થતાં, તેઓને પોલીસ તપાસનાં તમામ દસ્તાવેજો આપવામાં આવેલ અને તેઓની સામે ગુજરાત પ્રોહિબિશન ઍક્ટની કલમ–૬૬(બી), ૬૫(ઈ) તથા ૮૧ મુજબનો આક્ષેપ મૂકવામાં આવેલ હોય, જે અન્વયે ગુજરાત પ્રોહિબિશન ઍક્ટમાં થયેલ સુધારો

ધ્યાને લેતાં, કલમ–૬૫ (ઈ) નાં ગુનામાં સજાની જોગવાઈ ૧૦ (દસ) વર્ષ સુધી અને રૂપિયા ૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા) દંડ–એ મુજબ કરવામાં આવેલ છે. જેનાં અનુસંધાને સદર સુધારો ધ્યાને લેતાં, સુધારેલા ગુજરાત પ્રોહિબિશન ઍક્ટ મુજબ કલમ–૧૧૬ રદ કરવામાં આવેલ છે. જેનાં અનુસંધાને કલમ–૬૫(ઈ) મુજબનાં ગુનાની ટ્રાયલ કઈ અદાલતે ચલાવવાની થાય, તે નક્કી કરવા માટે, ક્રિમિનલ પ્રોસીજર કોડનું પરિશિષ્ટ–૨ ધ્યાને લેવાનું થાય. જેથી, ક્રિમિનલ પ્રોસીજર કોડનું પરિશિષ્ટ–૨ ધ્યાને લેતાં, ૭ (સાત) વર્ષ કરતાં વધુ સજાને પાત્ર ગુનાનાં સંબંધમાં, તે ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર નામદાર સેશન્સ કૉર્ટને છે. જેની સાથે ક્રિમિનલ અપીલ નં. ૬૭/૨૦૧૧, સિકયુરીટી ઍન્ડ ઍક્સચૅન્જ બૉર્ડ ઑફ ઈન્ડીયા (સેબી) વિરૂધ્ધ ક્લાસીક ક્રૅડીટ લિમિટેડ, નિર્ણય તારીખ ૨૧/૦૮/૨૦૧૭ ધ્યાને લેતાં તેમજ તેમાં સ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં પણ જયારે ગુજરાત પ્રોહિબિશન એક્ટ(સુધારેલ) માં સદર ટ્રાયલ ચલાવવાની સત્તા કઈ અદાલતને છે, તેની સ્પષ્ટતા થયેલ ન હોય, ત્યારે ક્રિમિનલ પ્રોસીજર કોડનાં પરિશિષ્ટ–૨ ધ્યાને લેતાં, સાત વર્ષ કરતાં વધુ સજાને પાત્ર ગુનામાં, તે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા માત્ર નામદાર સેશન્સ અદાલતને હોઈ, જેથી સદર કામ નામદાર સેશન્સ અદાલતને કમિટ કરવા સિવાય બીજો વિકલ્પ નથી. જેની સાથે સદર કામે તપાસ કરનાર અમલદાર દ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ –૧૭૩ મુજબનો રિપોર્ટ ધ્યાને લેતાં, હાલનાં કામે જે ગુનાનો આક્ષેપ મૂકવામાં આવેલ છે, તે ગુનામાં સજાની જોગવાઈ વધુમાં વધુ ૧૦ (દસ) વર્ષ કરવામાં આવેલ હોય, જેથી ગુજરાત પ્રોહિબિશન ઍક્ટની કલમ–૬૫ (ઈ) અન્વયે કરવામાં આવેલ સદર ચાર્જશીટ મુજબનો કેસ નામદાર સેશન્સ કૉર્ટને કમિટ કરવો ન્યાયોચિત્ત જણાઈ આવે છે.

૩. સદર કામે આરોપીઓ હાજર થતાં, જામીન તરીકે ચાલૂ રહેવાની પુરસીસ રજૂ કરવામાં આવેલ છે તેમજ આરોપીઓનાં નિવેદન નોંધતાં, બચાવ માટે ખાનગી વકીલ રોકવાની

રજૂઆત કરેલ છે અને તમામ પેપર્સ મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે. જે અન્વયે સદર કેસ નામદાર સીટી સિવિલ ઍન્ડ સેશન્સ કૉર્ટ, અમદાવાદને કમિટ કરવો વ્યાજબી અને ન્યાયોચિત્ત જણાઈ આવે છે. જે અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) આરોપીઓ રણજીત ઉર્ફે લાલો સૂરજમલ નટ તથા ૧., રહે. નટ વાસ, રામાપીરનો ટેકરો, નવા વાડજ, અમદાવાદ શહેરનાઓની સામેનો ગુજરાત પ્રોહિબિશન ઍક્ટની કલમ–૬૬(બી), ૬૫(ઈ) તથા ૮૧ મુજબનો કેસ ઈન્સાફી કાર્યવાહી થવા સારૂં મહે. સીટી સિવિલ ઍન્ડ સેશન્સ કૉર્ટ, અમદાવાદને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે કમિટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કેસનું રૅકર્ડ આંક પ્રમાણે ફાઈલીગ કરી, તેનાં પેઈજ નંબર આપી, નામદાર સીટી સિવિલ ઍન્ડ સેશન્સ કૉર્ટ, અમદાવાદ તરફ મુદત તારીખ પહેલા મોકલી આપવું.

(૩) આરોપીઓ હાજર હોઈ, તેઓને તારીખ ૩૦/૦૧/૨૦૧૮ નાં રોજ હાજર રહેવાની જાણ કરવામાં આવેલ છે.

(૪) આ કમિટલ હુકમની જાણ નામદાર સીટી સિવિલ ઍન્ડ સેશન્સ કૉર્ટ, અમદાવાદનાં જિલ્લા સરકારી વકીલશ્રીને નૉટિશ કરી જાણ કરવી.

**હુકમ આજ તારીખ ચાર, માહે જાન્યુઆરી, સને બે હજાર અઢારનાં રોજ ખુલ્લી ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.**

**તા.૦૪/૦૧/૨૦૧૮.**
**મુ. અમદાવાદ**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

Prakash B. Patel, P.A.